ગાંધીનગર સમાચાર

# ગુજરાતમાં શહેરી વિકાસ ક્ષેત્રે ગુડ ગવર્નન્સ-પારદર્શીતાની અભિનવ પહેલનો પ્રારંભ

## ઓન લાઇન ડેવલપમેન્ટ પરમિશન (બાંધકામ પરવાનગી) સિસ્ટમ-૨.૦ શરૂ કરનારૂં દેશભરમાં પ્રથમ રાજ્ય બનતું ગુજરાત : ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ સમયની અને લોકોની માંગ છે : મુખ્યમંત્રી

ગાંધીનગર,તા. ૩

મુખ્યમંત્રી વજયભાઇ રૂપાણીએ રાજ્યમાં ઓન લાઇન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમ (બાંધકામ પરવાનગી) ૨.૦નો પ્રારંભ કરાવતા કહ્યું કે આ સરકાર પારદર્શિતા અને સંવેદનશીલતાથી ગુડ ગવર્નન્સની દિશામાં કાર્યરત છે. ગૃહ, મહેસૂલ, શહેરી વિકાસ જેવા પ્રજાને સીધા સ્પર્શતા વિભાગોમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને ઓન લાઇન વ્યવસ્થા વિકસાવી કયાંય કોઇને એક રૂપિયો પણ આપવો ન પડે કે કચેરીના ધક્કા ન ખાવા પડે ઘરે બેઠા જ ઓન લાઇન કામ થઇ જાય તેવી પારદર્શી પરિસ્થિતિ નિર્માણ કરી છે. મુખ્યમંત્રીશ્રીએ ODPS-2.0 ઓનલાઇન ડેવલપમેન્ટ પ્લાન સીસ્ટમના અદ્યતન ટેકનોલોજીયુકત વર્ઝનનો મહાત્મા મંદિર ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીએ ગૌરવ સહ જાહેર કર્યુ કે સમગ્ર દેશમાં આવી ઓનલાઈન પદ્ધતિએ ફેઈસ લેશ વ્યવસ્થા વિકસાવી ડેવલપમેન્ટ પ્લાન પાસ કરનારૂં ગુજરાત દેશભરમાં પ્રથમ રાજ્ય બન્યું છે. વિજયભાઇ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે પારદર્શીતા, નિર્ણાયકતા, સંવેદનીશલતા અને પ્રગતિશીલતાના ચાર પાયા પર ઈમાનદારીથી આ સરકાર કાર્યરત છે. જનતા જનાર્દનની અપેક્ષા-આકાંક્ષા પૂર્ણ થાય તેને કયાંય ધક્કા ખાવા ન પડે, કચેરીઓમાં પોતાના કામો માટે ટેબલે-ટેબલે ભટકવું ન પડે તેવા સંવેદનશીલ અભિગમથી આપણે અનેક પહેલરૂપ સુધારાઓ કર્યા છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, અમારા કોઈ વ્યક્તિગત એજન્ડા કે હિત છે જ નહિ, માત્રને માત્ર વિકાસની રાજનીતિ તેમજ પ્રજાહિતના કામો કરીને ગુજરાતને વિકાસનું રોલ મોડેલ બનાવ્યું છે. મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, લોકો ઈમાનદાર છે અને સરકારને પણ તેમના પર ભરોસો-વિશ્વાસ છે. તેઓ માત્ર વ્યવસ્થા ઈચ્છે છે. સરકાર પણ આવી ઓનલાઈન પારદર્શી વ્યવસ્થાઓથી પ્રજાની સરળતા ઈઝ ઓફ લીવીંગ વધારી રહી છે.









તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, હવે આ નવી ODPS-2.0 કાર્યરત થતાં લો રાઇઝડ બિલ્ડીંગ માટે ઓફ લાઇન પરવાનગીઓ સંપૂર્ણ બંધ થઇ જશે. આ ODPS પ્રક્રિયાને ભવિષ્યમાં રાજ્યમાં હાઈરાઈઝડ બિલ્ડીંગ માટે પણ અમલી બનાવવાની નેમ મુખ્યમંત્રીશ્રીએ વ્યકત કરી હતી. તેમણે સાફ શબ્દોમાં જણાવ્યું કે, જે ૧ ટકા લોકો ખોટું કરનારા છે તેમની સામે પગલાં લેવા સરકાર સંકલ્પબદ્ધ છે સાથે જ ૯૯ ટકા લોકોને ખોટી રીતે તકલીફ ન પડે તેવી પણ આપણી પ્રતિબદ્ધતા છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, આ નવી વ્યવસ્થા વિકસાવવામાં GDCRમાં સુધારા કરી કોમન GDCR કર્યો છે. એટલું જ નહિ, FSI, હાઇટ, માર્જિન, પાર્કિંગ, ફાયર સેફટી જેવી ૧૫ જેટલી વાઈટલ મહત્વની બાબતો પર ફોકસ કરીને તેની પૂર્તતાના આધારે ૨૪ કલાકમાં જ રજા ચિઠ્ઠી સાથે પ્લાન પાસ થઈ જાય તે સુનિશ્ચિત કર્યુ છે. તેમણે કહ્યું કે, દરેક વ્યક્તિને ખેવના હોય કે તેનું પોતીકું ઘર બને પરંતુ આવા ઘર-મકાનના પ્લાન પાસ કરાવવામાં તેના પગના તળિયા ઘસાઈ જતાં. આપણે એવી સરળ અને પારદર્શી પ્રક્રિયા ઁજીથી શરૂ કરી છે કે પોતાના કોમ્પ્યુટરમાંથી પ્લાન સબમિટ કરે ને ૨૪ કલાકમાં તો પાકી મંજૂરી મળી જાય જેથી ડેવલપમેન્ટ ચાર્જ ભરીને વ્યક્તિ મકાન બાંધકામ શરૂ કરી શકે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આ નવી સિસ્ટમ એસ્ટાબ્લિશ ના થાય તેવું ઈચ્છનારાઓ સામે પોલિટીકલ વિલ અને પ્રજાહિતની પ્રતિબદ્ધતા સાથે મક્કમતાથી આગળ વધી આ સરકારે ઁજીની શરૂઆત કરી છે. આપણે ભય-ભૂખ-ભ્રષ્ટાચાર દૂર કરવા છે એમ પણ તેમણે કહ્યું હતું. વિજયભાઇ રૂપાણીએ ઉમેર્યુ કે, ટાઉન પ્લાનીંગ સ્કીમ-ટી.પી.ની મંજૂરીઓમાં પણ આ સરકાર દર વર્ષે ૧૦૦ ટી.પી મંજૂરીની સદી ફટકારવા સાથે આગળ વધી છે.





એસએસવી કેમ્પસ, સેકટર-૩, ગાંધીનગરમાં પ્રિ.પ્રાઈમરી સ્કુલના ભૂલકા બાળકોએ રંગ અને પીંછી થી સ્પ્રે કરી અવનવા ચિત્રો બનાવ્યા. જેમાં વિધાર્થીઓએ અલગ અલગ ઝાડના પાનનો ઉપયોગ કરી ચિત્રો બનાવ્યા.

# ગવર્નમેન્ટ પોલિટેકનીક ગાંધીનગર ખાતે સાપ્તાહિક તાલીમ પ્રોગ્રામનું આયોજન

ગાંધીનગર,તા. ૩

ગાંધીનગર ની સરકારી પોલિટેકિનક કોલેજ ના કોમ્પ્યુટર એન્જિનિરીંગ વિભાગ દ્વારા તાઃ ૨૩ થી ૨૭ નવેમ્બર ૨૦૨૦ સુધી અટલ એકેડમી દ્વારા પ્રાયોજિત "Data Science Using Python" વિષય પર ઓનલાઇન પ્રાધ્યાપક તાલીમ પ્રોગ્રામ નું આયોજન થયેલ હતું. જેમાં અલગ અલગ ૧૫ રાજયોના ૧૨૦ જેટલા વ્યક્તિઓએ ભાગ લીધો.કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહ માં મુખ્ય મહેમાન તરીકે માનનીય એડયુકેશન મિનિસ્ટર રમેશ પોખરિયાલ નિશાંક,પ્રો. સહસ્ત્રબુધે AICTE ચેરમેન પણ હાજર રહ્યા હતા.



આ નેશનલ પ્રોગ્રામમાં તામિલનાડુ, કર્ણાટક, મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યના પ્રાધ્યાપકો એ ભાગ લીધેલ હતો. આ પ્રોગ્રામ નો હેતુ એકસેલ, વીબીએ પાયથોન લાઈબ્રેરીઓનો ઉપયોગ કરીને ડેટા વિશ્લેષણના ફંડામેન્ટલ્સ પર જ્ઞાન અને તાલીમ મેળવવાનો હતો.

ટીસીએસ આઈઓન તેમ જ કોમ્પ્યુટર એન્જિનિરીંગના તજજ્ઞો દ્વારા ૫ દિવસ પોતાનું તકનીકી જ્ઞાન પ્રાધ્યાપકો ને આપેલ હતું. આ ઉપરાંત પ્રો. સુરેશ પરમાર (આર્ટ ઓફ લિવિંગ,ગાંધીનગર) રાજીવ નાયર(યોગા એન્ડ મેડિટેશન ટ્રેનર, CSIT ,Chhattisgarh) તજજ્ઞો દ્વારા ઓનલાઇન માધ્યમ પર હાજર રહ્યા હતા અને યોગા અને મેડિટેશનનું જ્ઞાન આપવામાં આવ્યું હતું.

ઓનલાઇન પ્રાધ્યાપક તાલીમ કાર્યક્રમનું સમગ્ર આયોજન કોમ્પ્યુટર વિભાગ દ્વારા તેમજ સંસ્થાના આચાર્યશ્રી ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું.

# રાષ્ટ્રીય સેવા યોજના એકમ શારીરિક શિક્ષણ વિભાગ, સાદરા દ્વારા સંવિધાન અને શિક્ષણ વિષય પર વેબિનાર

ગાંધીનગર,તા. ૩

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સંવિધાન દિવસ પર સંવિધાન અને શિક્ષણ વિષય પર વેબિનારનો આયોજન કરવામાં આવ્યું જેમાં આખા ગુજરાતમાંથી ગૂજરાત વિધાપીઠમાં ભણતા ભૂયપૂર્વ વિધાર્થી અને વર્તમાન વિધાર્થીઓમાંથી અંદાજિત ૧૦૦



વિધાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં શારીરિક શિક્ષણ સંસ્થા, સાદરાથી ભણેલા ભૂતપૂર્વ વિધાર્થીઓ જે હાલમાં વિવિધ યુનિવર્સીટીઓ અને કોલેજમાં અધ્યાપક તરીકે સેવા આપે છે તેવા ઘણા વિધાર્થીઓએ આ વેબિનારમાં ભાગ લીધો હતો વેબિનારમાં મુખ્ય અતિથિ તરીકે ગૂજરાત વિધાપીઠના માનદ નિયામક વિસ્તરણ વિભાગ ડો. રાજેન્દ્ર ભાઈ ખીમાણી હાજર રહ્યા હતા આ વેબીનારમાં મુખ્ય વક્તા તરીકે શિક્ષણ મહાવિધાલયના ડો. મહેશ નારાયણ દીક્ષિત પોતાના વક્તવ્ય આપ્યું હતું જયારે સ્વાગત પ્રવચન સંસ્થાના કાર્યકારી ડીનશ્રી ડો. જગદીશચંદ્ર સાવલિયાએ આપ્યું હતુ કાર્યક્રમમાં ગૂજરાત વિધાપીઠની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજકશ્રી ડો. અરુણભાઈ ગાંધી પણ હાજર રહયા હતા મુખ્ય અતિથિ તરીકે પોતાના ઉધબોધનમાં ડો. રાજેન્દ્ર ભાઈ ખીમણી સાહેબે ગાંધીજી અને સંવિધાન નિર્માતા ડો. ભીમરાવ આંબેડકરના શિક્ષણના સંદર્ભમાં વિચારો રજૂ કર્યા હતા અને નાગરિકો અને યુવાઓને સંવિધાનમાં આપેલા કાયદાઓ અને અધિકારો પ્રમાણે સમાજની નવ સરચના કરવાનું અહેવાન આપ્યું હતુ જયારે મુખ્ય વક્તા ડો. મહેશ નારાયણ દીક્ષિત સાહેબે સંવિધાનના વિષયમાં ખુબજ ગહનતા સાથે માહિતી આપી હતી તેમણે જણાવ્યુ હતું કેવી રીતે સંવિધાનનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું અને આ ડ્રાફ્ટ કમેટીમાં બાબા સાહેબ આંબેડકરની સાથે બીજા કોણ કોણ હતા અને સંવિધાનની મૂળ વિભાવના વિષય ઊંડાઈ પૂર્વક સમજણ આપી હતી અને સંવિધાનમાં કઈ રીતે અને ક્યાં અર્થમાં શિક્ષણની વાત કરવામાં આવી છે તેના દાખલા સાથે ચર્ચા કરી હતી ડો. મહેશ નારાયણ દીક્ષિત સાહેબે નઈ શિક્ષા નીતિ પર પણ ખુબજ ઉંડાણ પૂર્વક માહિતી આપી હતી વેબીનારના આયોજનની પાછળ રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજકશ્રી ડો. અરુણભાઈ ગાંધી અને ડીનશ્રી ડો. પ્રભુલાલ કાસુન્દ્રાનો મુખ્ય માર્ગદર્શન રહેલો હતો વેબિનારનો સંપૂર્ણ આયોજન અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતો

# સોસાયટી ફોર ધ વેલફેર ઓફ ધ મેન્ટલી ડિસેબલ્ડ દ્વારા વિશ્વ અપંગ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૩

વિશ્વ અપંગ દિવસ ની ઊજવણી ના ભાગ રૂપે સોસાયટી ફોર ધ વેલફેર ઓફ ધ મેન્ટલી ડિસેબલડ તરફ થી ફકત અમદાવાદ શહેરમાં રહેતા મનોદિવયાગ, સેરેબ્લ પાલસી, અને ઓટિઝમ ધરાવતા લોકો માટે ચિત્ર હરિફાઈનુ આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ઘરે ચિત્ર દોરી તેમાં રંગો પૂરીને આપેલ વોટસપ નંબર પર ચિત્રનો ફોટો પાડી જજ મીતા બુચ, આર્ટીસ્ટ-હેડ ઓફ સેન્ટર ઓફ સ્પેશ્યલ એજયુકેશન - શ્રી રામકૃષ્ણ મીશન, રાજકોટને ડાયરેક્ટ એન્ટ્રી મોકલી આપવાની હતી. જેમાં શહેરની ૨૫ જેટલી સ્પેશ્યલ શાળાના ૧૦૬ જેટલા વિશિષ્ટ બાળકો એ ભાગ લીધો હતો, જજ દ્વારા પસંદ કરેલ શ્રેષ્ઠ





૧૦ ચિત્ર ને ૨૫૦ ઈનામ પેટે ઓનલાઈન ચુકવવા મા આવ્યા હતા. દરેક ભાગ લેનાર વિદ્યાથી ઓ ને ઈ સર્ટી આપવામાં આવ્યા હતા. કોરોના મહામારી ના કારણે આ રીતે વિશ્વ અપંગ દિવસની ઊજવણી કરવામાં આવી હતી. જેમાં ટ્રુ લાઈફ કેર સેન્ટરનો સહકાર મલ્યો હતો જે બદલ તેમનો આભાર વ્યકત કર્યો હતો. સોસાયટીના પ્રમુખ રાજેન્દ્ર શાહ એ વિજેતા થનાર સ્પર્ધકને અભિનંદન પાઠવ્યા હતા

# નૌસેના દિવસની ભારતભરમાં ગૌરવભેર ઉજવણી





ભારતીય નૌકાદળ, જે તેના બહાદુર કાફલા અને અસરકારક યુદ્ધશક્તિ શક્તિ માટે જાણીતી છે, તે ભારતીય નૌકાદળ ભારતની વિશાળ દરિયાઈ સરહદની સુરક્ષા કરી રહી છે. ભારતીય નૌકાદળ એ ભારતીય સશસ્ત્ર દળોની દરિયાઈ શાખા છે અને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કમાન્ડર-ઈન-ચીફ તરીકે તેનું નેતૃત્વ કરવામાં આવે છે. આજે ભારતીય નૌસેનામાં લગભગ ૬7000થી વધુ લોકો દેશને પોતાની સેવા આપી રહ્યા છે. આપણી પાસે ૧૫૦થી વધુ જહાજ અને સબમરીન છે. આ દળની શક્તિ એટલી વધી ગઈ છે કે ભારતીય નૌકાદળ હવે વિશ્વભરમાં ૭માં ક્રમે આવે છે!

દર વર્ષે ૪ ડિસેમ્બરના દિવસે નૌસેના દિવસ (નેવી ડે) દેશની નૌકાદળની ભવ્યતા,સિદ્ધિઓ અને ભૂમિકા ઉજવવા માટે ઉજવવામાં આવે છે. ભારતીય નૌકાદળના મિસાઈલ બોટ દ્વારા ડિસેમ્બર ૪,૧૯૭૧ ના રોજ ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન કરાંચી બંદર પર કરેલા આક્રમણની ઉજવણી માટે નેવી ડે ઉજવવામાં આવે છે. એ યુદ્ધમાં ભારતે પાકિસ્તાન પર વિજય જ નહોતો મેળવ્યો પણ પૂર્વી પાકિસ્તાનને આઝાદ કરાવીને સ્વતંત્ર રાષ્ટ્ર બાંગ્લાદેશનો દરજ્જો અપાવ્યો હતો.ભારતીય નૌસેના પોતાના આ ગૌરવમયી ઈતિહાસની યાદમાં દર વર્ષે ૪ ડિસેમ્બરના રોજ નૌસેના દિવસ ઉજવે છે. આ હુમલામાં, ભારતીય નૌકાદળે ચાર પાકિસ્તાની જહાજો તોડી પાડ્યા હતા અને કરાંચીના બંદર પર ઈંધણના ક્ષેત્રોને નષ્ટ કર્યા હતા તથા જેમાં ૫૦૦થી વધુ પાકિસ્તાની નૌકા સૈનિકો માર્યા ગયા હતા. ભારતીય નૌકાદળની આઈ.એન.એસ નિપાત, આઈ.એન.એસ નિરઘાત અને આઈ.એન.એસ વીરની ત્રણ મિસાઈલ બોટ એ આ હુમલામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આજે ભારતીય નૌસેના ભારતમાં આઈએનએસ વિક્રમાદિત્ય, આઈએનએસ વિક્રાંત જેવા ફાઈટર વાહનો છે, જે ભારતની દરિયાઈ સીમાને સુરક્ષિત કરે છે. કોસ્ટગાર્ડ્સ સમુદ્રમાંથી દાણચોરી અટકાવે છે. સુનામીના આગમન દરમિયાન, કોસ્ટગાર્ડ્સે ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારતીય નૌ સેના ત્રણ ક્ષેત્રોની કમાન્ડ (પશ્ચિમમાં મુંબઈ, પૂર્વમાં વિશાખાપટ્ટનમ અને દક્ષિણમાં કોચ્ચિ) ના હેઠળ ગોઠવવામાં આવી છે. જેમાંથી દરેકનુ નિયંત્રણ એક ફ્લેગ અધિકારી દ્વારા કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર અને અમદાવાદ સ્થિત ડિફેન્સ યુનિકોર્ન સંસ્થા સાથે જોડાયેલા પૂર્વ કોસ્ટ ગાર્ડ કમાન્ડન્ટ શ્રી આશુ ભારદ્વાજ એ જણાવ્યુ હતું કે આજના યુવાનોમાં નૌસેના તથા અન્ય સંરક્ષણ શાખાઓ વિષે પૂરી માહિતી હોય એ ખૂબ જરૂરી છે.ઇંડિયન નેવી ધ્વારા દર વર્ષે નેવીમાં ભરતી થવા માટે એકાધિક પરીક્ષાઓનું આયોજન થાય છે એ વિષે પણ આજ નો વિદ્યાર્થી જાગૃત થાય અને સંરક્ષણ ક્ષેત્રે જોડાય એવી ઈચ્છા વ્યકત કરી હતી.

## જન્મદિને વધામણી



શૈલેષભાઈ પંડ્યા
પૂર્વ પ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ
નિયામક, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, ગાંધીનગર
મો. ૯૮૭૯૫ ૨૧૭૭૫



અમિત પારેખ
પ્રમુખ એનએસયુઆઈ ગાંધીનગર જિલ્લા
મો.૮૩૨૦૭ ૬૦૦૦૮



ક્ષેણિક પ્રજાપતિ
મો.૮૧૪૦૨ ૬૫૩૯૧



ઉજ્જવલ વૈશ્યક
મો.૯૮૯૨૪ ૬૬૪૫૬



અવનીબા પંકજસિંહ બિહોલા
મો. ૭૯૯૦૪ ૫૯૫૮૮



ભારતીબેન પોપટ



જિયા ઉમંગ પાનવાલા
મો.૯૮૯૮૫ ૭૪૬૫૦

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક